ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૫.૧૨.૨૦૧૭

---------

અમારી માંગણી છે કે કોંગ્રેસે આ વિષય પર પોતાનો મત સ્પષ્ટ કરવો જોઇએ કે તેઓ શ્રીરામ જન્મભૂમિ કેસની ત્વરિત સુનાવણી માટે સહમત છે કે નહી? કે પછી કોંગ્રેસ ઇચ્છે છે કે લોકસભાની ચૂંટણીઓ પછી જ સુનાવણી થાય

---------

કોંગ્રેસના હિત ખાતર કપિલ સિબ્બલે એકવાર સુનાવણીથી પોતાને અલગ કરવા માટેની ધમકી સર્વોચ્ચ અદાલતમાં આપી હતી. આ વાત જ દર્શાવે છે કે શ્રી રામ જન્મભૂમિના નિર્માણકાર્યને રોકવા માટે કોંગ્રેસ કેટલી ઉત્સુકતા ધરાવે છે.

---------

એક તરફ ગુજરાતમાં રાહુલ ગાંધીના મંદિરોમાં ચૂંટણીલક્ષી આંટાફેરા ચાલી રહ્યા છે તો બીજી બાજુ શ્રી રામ જન્મભૂમિના કેસ પર સુનાવણી ટાળવા માટે કપિલ સિબ્બલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

---------

ભાજપાની માંગ છે કે કોંગ્રેસ પાર્ટી આ બાબતે પોતાનો અધિકૃત અભિપ્રાય પ્રજા સમક્ષ રજુ કરે

---------

ભાજપાની માંગ છે કે જલ્દીથી જલ્દી શ્રી રામ જન્મભૂમિ કેસની સુનાવણી થવી જોઇએ, સર્વોચ્ચ અદાલતનો ફેંસલો પણ ત્વરિત આવવો જોઇએ અને ત્યાં એક ભવ્ય રામ મંદિરનું નિર્માણ થવું જોઇએ.

---------

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે આજે ભાજપા મીડિયા સેન્ટર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતુ કે, આજે દેશની સર્વોચ્ચ અદાલતમાં શ્રી રામ જન્મભૂમિ કેસની સુનાવણી ચાલુ થઇ ગઇ છે. સમગ્ર દેશની જનતાની એ ભાવના છે કે આ સુનાવણી જલ્દીથી જલ્દી થાય અને સર્વોચ્ચ અદાલતનો ફેંસલો શ્રી રામજન્મભૂમિ માટે જલ્દીથી જલ્દી દેશ અને દુનિયાની સામે આવે.

શ્રી શાહ વધુમાં જણાવ્યું હતુ કે, આજે એક આશ્ચર્યજનક દલીલ કોંગ્રેસના નેતા અને સુન્ની વકફ બોર્ડના વકીલશ્રી કપીલ સિબ્બલે સર્વોચ્ચ અદાલત સામે કરેલ છે. શ્રી સિબ્બલે કહ્યું હતુ કે, જુલાઇ ૨૦૧૯ એટલે કે આગામી લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી જ્યાં સુધી ન થઇ જાય ત્યાં સુધી આ કેસની સુનાવણી ટાળવી જોઇએ. જ્યારે કોંગ્રેસ કોઇ જુદી વાત પર જુદા પ્રકારનું સ્ટેન્ડ લેવા માંગે ત્યારે કપીલ સિબ્બલને આગળ કરી દે છે. ૨જી ઘોટાળામાં જીરો લોસ થીયરી લઇને કપીલ સિબ્બલ આગળ આવ્યા, ગુજરાતમાં અનામતને લઇને ૫૦ ટકાથી વધુ અનામત આપી શકાય તેવો ઓપીનીયન લઇને કપિલ સિબ્બલ સામે આવ્યા અને હવે શ્રી રામ જન્મભૂમિ કેસના રસ્તામાં રોડા નાખવા માટે પણ શ્રી કપીલ સિબ્બલ કોંગ્રેસપાર્ટી તરફથી અને સુન્ની વકફ બોર્ડના વકીલના રૂપે સામે આવી ગયા છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી શાહે આજે માંગણી કરી હતી કે, કોંગ્રેસ પાર્ટીએ શ્રી રામ જન્મભૂમિ અંગે પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરવું જોઇએ કે કોંગ્રેસ પાર્ટી શ્રી રામ જન્મભૂમિ કેસની સુનાવણી જલ્દીથી જલ્દી થાય એ સંદર્ભે સહમત છે કે નહી? શું કોંગ્રેસ પાર્ટી એવું ઇચ્છી રહી છે કે આ સુનાવણી ૨૦૧૯ની ચૂંટણીઓ સુધી ન થાય? કોંગ્રેસ પાર્ટીએ પોતાનું વલણ સ્પષ્ટ કરવું પડશે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું હતુ કે, જ્યારે બધા જ દરસ્તાવેજોનું ભાષાંતર થઇ ચૂક્યું છે. કેસની સૂનાવણી ત્રણ જજની બેન્ચ કરશે કે પાંચ જજની બેન્ચ એ નિર્ણય પણ આજે સર્વોચ્ચ અદાલતે આપી દીધો છે કે ત્રણ જજની બેન્ચ દ્વારા આ કેસની સુનાવણી થશે ત્યારે સુનાવણી રોકવાથી કોંગ્રેસ શું હાંસલ કરવા માંગે છે ? આ સુનાવણી વહેલી તકે થાય જેથી દેશની જનતાને શ્રી રામ જન્મભૂમિ અંગે સુપ્રિમ કોર્ટના નિર્ણયનો ખ્યાલ આવે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું હતુ કે, ભાજપા માંગ કરી રહી છે કે કોંગ્રેસ પાર્ટી આ વિષય પર પોતાનું અધિકૃત સ્ટેન્ડ સ્પષ્ટ કરે. ગુજરાતમાં ચૂંટણીઓ ચાલી રહી છે, કોંગ્રેસના જે રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાના છે તે રાહુલ ગાંધી કે જે મંદિરે-મંદિરે જઇને ચૂંટણીલક્ષી આંટાફેરા કરી રહ્યા છે ત્યારે બીજી તરફ શ્રી રામજન્મભૂમિ કેસની સુનાવણી ટાળવા માટે કપીલ સિબ્બલનો ઉપયોગ થઇ રહ્યો છે તો અમારું માનવું છે કે, કોંગ્રેસ પાર્ટી તેમની બેધારી નીતિને જનતા સામે સ્પષ્ટ કરે કે જેથી એ સ્પષ્ટ થઇ જાય કે કોંગ્રેસ પાર્ટી શ્રી રામ જન્મભૂમિ કેસ જલ્દીથી ચાલે એ ઇચ્છે છે કે નહી ?

શ્રી શાહે મીડિયાના મિત્રોના માધ્યમથી કોંગ્રેસના જાહેર થનાર રાષ્ટ્રીય પ્રમુખશ્રી રાહુલ ગાંધીને જણાવ્યું હતું કે તે પોતે સામે આવીને આ મુદ્દે તેમની પાર્ટીનું સ્ટેન્ડ ક્લીયર કરે.

ભાજપાની માંગ છે કે, જલદી થી જલદી શ્રી રામ જન્મભૂમિ કેસની સુનાવણી થવી જોઇએ અને સર્વોચ્ચ અદાલતનો ચૂકાદો વહેલી તકે આવવો જ જોઇએ અને ત્યાં એક ભવ્ય રામમંદિરનું નિર્માણ થવું જોઇએ..

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૫.૧૨.૨૦૧૭

---------

જર્મની એમ્બેસીના પોલીટીકલ અફેર અને પ્રોટોકોલ વિભાગના અધિકારીઓએ ભાજપા મીડીયા સેન્ટરની મુલાકાત લીધી

---------

ભાજપા મીડિયા સેલની યાદી જણાવે છે કે, આજરોજ ભાજપા પ્રદેશ મીડિયા સેન્ટરની જર્મની એમ્બેસીના પોલીટીકલ અફેર અને પ્રોટોકોલ વિભાગના બાસ્ટીયન વેબર, રોમેઇન ઓટાલ અને જર્મન એમ્બેસીના પોલીટીકલ એડવાઇઝર સાક્ષી અરોરાએ મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન ગુજરાતમાં ભાજપાની વિકાસ યાત્રા, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના ગુડ ગવર્નન્સ, પ્રજાલક્ષી યોજનાઓ, ૧૯૯૫ પહેલાનું કોંગ્રેસ શાસિત ગુજરાત અને ૧૯૯૫ પછીનું ભાજપા શાસિત ગુજરાતના તફાવત બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ભાજપાનો ચૂંટણી એજન્ડા, ચૂંટણી રણનીતિ, ચૂંટણીમાં સોશીયલ મીડિયાનો રોલ, જેવી બાબતો પર પણ માહિતી આપવામાં આવી હતી.

જર્મની એમ્બેસીના અધિકારીઓએ ભાજપાના વિકાસના એજન્ડા અને પોલીટીક્સ ઓફ પર્ફોમન્સની રાજનીતિને બિરદાવી હતી તેમજ ભાજપાના ૧૫૦ થી વધુ બેઠકો સાથેના વિજયવિશ્વાસને આવકાર્યો હતો.

આ મુલાકાત દરમ્યાન ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસાર, પ્રદેશ પ્રવક્તા તથા પૂર્વ પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી યમલ વ્યાસ તથા ભાજપા ઇન્વેસ્ટર પ્રોટક્શન સેલના પ્રદેશ કન્વીનરશ્રી પ્રશાંત વાળા ઉપસ્થિત રહ્યા હતા.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૫.૧૨.૨૦૧૭

---------

કુદરતી આપત્તિ સામે માનવીય પુરૂષર્થને પ્રગટાવવા અનુરોધ
- શ્રી જીતુભાઇ વાઘાણી

---------

ભાજપાના પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ ગુજરાત પ્રદેશના તમામ કાર્યકર્તાઓને જણાવ્યું હતુ કે, હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે ગુજરાતના દરિયાકિનારે "ઓખી" ચક્રવાત ત્રાટકી રહ્યું છે ત્યારે ગુજરાત સરકાર ગુજરાતમાં ઓછામાં ઓછું નુકશાન થાય તે માટે પ્રયત્નશીલ હોય જ ત્યારે સમાજ જીવનના કાર્યકર્તા તરીકે ભાજપાના સૌ કાર્યકર્તાઓ જરૂરીયાતોને સુરક્ષિત જગ્યા પર સ્થાપન કરવામાં, તેમની પ્રાથમિક આવશ્યકતાઓને સંતોષવામાં અને ચક્રવાત દરમિયાન અને તે પછી સતત જાગૃત રહી ઉભી થતી કોઇપણ પરિસ્થિતિમાં સૌને સહાય કરવા કટિબદ્ધ બને.

ભાજપાના એ સંસ્કાર રહ્યા છે કેઆપણા માટે પ્રજાહિત પ્રથમ છે. કુદરતી આપદાના સમયે સૌ બાંધવો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરે તે સ્વાભાવિક છે. કોઇપણ આપત્તિને અવસરમાં પલટવાનું ગુજરાતી ખમીર દેશ અને દુનિયાએ ભૂકંપ, પુર કે પ્લેગની આપદામાં જોયું જ છે. ભાજપા માટે રાજનીતિના કાર્યક્ષેત્રનો અંતિમ ધ્યેય "સમાજ સેવા" જ છે. ત્યારે આ ચૂંટણીના માહોલમાં પણ વિપક્ષ રચિત વેરઝેર પરિસ્થિતિમાં પણ કોઇ ભેદભાવ વિના જીવમાત્ર માટે સહાયભૂત થવા તેઓએ સૌને હૃદયપૂર્વકની વિનંતી કરી હતી.

તેઓશ્રીએ અંતમાં જણાવ્યું હતુ કે, ગુજરાતના સપુત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે ગુજરાતના સૌ પ્રજાજનોને સંવેદનાની ક્ષણોમાં સમાજના સાથી બનવા અનુરોધ કર્યો છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાના તમામ પ્રવાસોને અટકાવી "જનસેવા" એકમાત્ર લક્ષ્યના દર્શન કરાવ્યા છે.

ગુજરાતના સૌને સરકારની સંવેદનાભરી કાર્ય પધ્ધતિમાં જોડાવવા અને કુદરતી આપત્તિ સામે માનવીય પુરૂષાર્થને પ્રગટાવવા અનુરોધ કર્યો હતો.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૦૫.૧૨.૨૦૧૭

---------

## દૂરદર્શન - ડી.ડી.ગીરનાર પર ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ અંતર્ગત ચર્ચા

--------

ભાજપાના પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ૯ ડિસેમ્બર અને ૧૪ ડિસેમ્બર બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં દૂરદર્શન ડી.ડી. ગીરનાર ચેનલ પર તારીખ ૦૬.૧૨.૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ચર્ચા પ્રસારિત કરવામાં આવશે. જેમાં, ભાજપાના પ્રતિનિધિ તરીકે ગુજરાત પ્રદેશ ભાજપાના બૌધિક સેલ કન્વીનરશ્રી જયેશ વ્યાસ ઉપસ્થિત રહેશે.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર-મીડીયા સેલ